# તીતસ નવી મંડળીઓનો પ્રાદેશિક નિરિક્ષક હતો.

સ્થાનિક દોરનારાઓ નીમો કે જેઓ નવી મંડળીઓમાં આગેવાનો નીમે.
બાળકોને શિખાવનારે સ્ટડી R1b વાંચવો.



**૧. દેવના વચન અને પ્રાર્થના વડે તમારા હૃદયને તૈયાર કરો**

એક સ્થાનિક નિરિક્ષક શું કામગીરી કરે છે તે **પાઉલે તિતસને લખેલા પત્ર પરથી જાણો.**

- આપણે સ્થાનિક નિરિક્ષક (સેવક) ની શી જરુર છે ? (નિરિક્ષકને બીશપ અથવા બીજા જરુરી નામે સંબોધી શકાય)

*(જવાબ : નવી મંડળીના લોકોને હિતમાં તિતસે ક્રીતમાં જે કર્યું તેવા માણસની જરૂર હોય છે તે નવા પાળકોને નીમે છે અને તેમને તૈયાર કરે છે નવી મંડળીઓ આ કાર્ય કરવા જાતે સમક્ષ હોતી નથી તિતસ અને તિમોથીને  લખેલા પત્રોમાં પાઉલે સેવકો અને પાળકોની ફરજો વિષે સમજૂતી આપી છે અંત્યોખ જેવી પુખ્ત મંડળીઓ પ્રે ૧૩:૧-૩ મુજબ પોતાના આગેવાનોને નીમી શકે છે.)*

**તિતસ ૧:૧-૩ માં જુઓ.**

- પ્રભુ ઈસુ ને ધ્યાનમાં રાખતા પાઉલની જવાબદારી કેવા પ્રકારની હતી
- દેવે પાઉલને કયો વહિવટ સોપ્યો હતો.

**તિતસ ૧:૪-૫ માં શોધો**

- તિતસનો પાઉલ સાથે સંબધ
- પાઉલે તિતસને ક્રિતમાં મુકયો તેનું કારણ
- પાઉલે તિતસને ક્રિતના સ્થાનિક દોરનાર તરીકે નવી મંડળી માટે શું કરવાનું કહ્યું ?

**૨ કોરી ૨:૧૨-૧૩ માંથી જાણો** કે પાઉલની નજરમાં પોતાના આત્મિક પુત્ર તિતસનું મૂલ્ય કેવું હતું ?

**૨ કોરી ૭:૫-૭ માં શોધો**

- તિતસની છાપ બીજા લોકો ઉપર કેવી રીતે હતી ?
- જયારે તિતસ તેની સાથે હતો ત્યારે પાઉલ કંઇ બાબત સહન કરવા માંગતો હતો ?
- તિત.૧:૬-૯ માંથી પાળકની લાયકાતો જૂઓ (અથવા વડીલો)
- વડીલનું કુટુબ કેવું હોવું જોઈએ?
- વડીલ નું ચારિત્ર્ય કેવુ હોવુ જોઈએ ?

**તિતસ ૧:૧૦-૧૬ માંથી** વડીલોએ જે સમસ્યા સુધારવા માટે શકિતમાન હોવું જોઈએ તે સમસ્યા શોધો.

પાઉલ તિતસને જણાવ્યુ કે કેટલીક બાબતો અપૂર્ણ છોડવામાં આવી હતી (તિત.૧-૫)

**તિત ૨:૧-૧૦ માં** કેટલીક બાબતો કે જે સીધી કરવાની જરુર હતી

- વૃદ્ધ માણસોને તિતસે કેવી સૂચના આપવાની હતી ?
- વૃદ્ધ સ્ત્રાઓને ?
- જુવાનોને ?
- ગુલામોને ?

- (જેઓ સ્વતંત્ર કહેવાતા હતા તેવા માલિકોની સેવા કરવાની જવાબદારી રોમન કાયદા પ્રમાણે ગુલામોની હતી.)

  **તિત ૨:૧૫ માં** સ્થાનિક દેખરેખકર્તાઓના આ બાબતો પર કેટલો વિશેષ ભાર મૂકવો તે જણાવેલુ છે

  **ફિલી ૨:૧૯-૩૦ માં** બે દેખરેખકર્તાઓના નામ છે જેઓએ ફિલીપ્પી પ્રાંતમાં સેવા કરી હતી.
- આ બે સેવકો કેવા પ્રકારના હતા ?
- તેઓએ પાઉલ સાથે મળીને આ મંડળીઓ માટે શું કર્યુ હતું ?
- પાઉલને તેમનામાં કેટલોક વિશ્વાસ હતો ?

**૨. બીજી મંડળીઓ સાથે સંકલન કરવા માટે સાથીદારો સાથે આયોજન કરો**

સાથે મળીને દેવને **પ્રાર્થના કરો** કે યોગ્ય કામ માટે યોગ્ય વ્યકિત પ્રભુ તરફથી બતાવવામાં આવે.

- તમારી મંડળી પર દેખરેખ રાખનાર નામ બાબતે સંમતિ સાધો તે વ્યકિત આ મંડળી શરુ કરનાર પ્રેરિત હોઈ શકે અથવા મંડળી માટે ખંતથી કામ કરનાર સેવક પણ હોઈ શકે. નવા કરારમાં આવા પ્રેરિતોએ બીજા પ્રદેશોમાંથી આવીને નવી મંડળીઓ શરુ કરી.
- દોરનાર નવા પાળકો ને સમજાવી શકવા શકિતમાન છે ? જો ના તો તે દોરનાર માટે નવી વ્યકિતનું નામ આપવું જેમ પાઉલે તિતસ અને તિમોથીનું નામ આપ્યુ તેમ.

  નવા દોરનારાઓને તેમની કામગરી વિષે કહો.
- જેમ પાઉલ કરતો હતો તેમ તેમણે નવી મંડળીઓની મુલાકાત લેવી તેમને પ્રોત્સાહન આપવું અને પત્રો દ્વારા શિક્ષણ આપવુ.
- પોતાની સાથે નવા તાલિમીઓ રાખવા જેઓ પોતે શિખેલી બાબતોનુ શિક્ષણ બીજા નવા તાવિમાર્થીઓને આપે.(૨તિમોથી ૨: ૨)
- નવા કરારના નમૂના પ્રમાણે મંડળી કાર્ય કરતી થાય ત્યાં સુધી દોરનારને નવી મંડળીના વડીલોને શિક્ષણ આપતા રહેવું.

**હજુ કામ વધ્યું ન હોય** તેવી જગાઓએ પ્રેરિત પોતે દોરનાર તરીકે કામ કરી શકે (પ્રે.૧૪:૨૧-૨૩) જયારે પ્રેરિત બીજા સ્થળે જવા તૈયાર થાય ત્યારે તેણે તે વિસ્તારમાં નવા દોરનારને જવાબદારી સોપવી જોઈએ (ફિલી ૨:૧૯-૨૪)

- બધા પાળકો જેઓ નવા પાળકોને શિક્ષણ આપે તેમની પોલ-તિમોથી સ્ટડીનું સાહિત્ય અથવા અન્ય વિશ્વાસપાત્ર સાહિત્ય હોવું ખૂબજ જરુરી છે.
- જુદી જુદી મંડળીઓ સંકલન કરીને કામ કરે માટે મદદ કરો.
- જેઓ વિશ્વાસુપણે સેવા કરે છે તેવા તાલિમાર્થીઓને જાહેર રીતે દ્રઢ કરો.
- તેમના ઉપર જાહેર રીતે હાથ મુકીને તેમને અધિકાર આપો (૨તિ.૧:૬; ૧તિ.૪:૧૪)
- મંડળીઓ તેમની સાથે માનપાત્ર વ્યવહાર રાખે તેવી સૂચના આપો. (૧કોરી.૧૬:૧૦-૧૧ફિલી ૨:૨૯)
- જેઓ પાપ કરે તેમને અધિકાર આપવાથી દૂર રહો (૧તિ.૫:૨૨)

  પ્રેરિત સ્થાનિક દેખરેખકારોને શિક્ષણ આપે કે તે માટે
- પાળકો પોતાની મંડળીઓની જરુરિયાત સમજે તેમની સાથે ચર્ચા કરે.
- મંડળીના લોકો શું કરે છે અથવા કયા કાર્યો શરુ કરે છે તેનુ ધ્યાન રાખે
- જેઓ ભવિષ્યમાં વડિલો બની શકવાની લાયકાત ધરાવે છે તેવા માણસોને શોધતા રહેવુ. તિત ૧:૬-૯

૩. **આગામી ભજનસેવા માટે સાથીદેરો સાથે આયોજન કરો.**

૨ કોરીંથી ૨ :૧૨-૧૩ અને ૭:૫-૭ માંથી તિતસ વિષે સમજાવો.

તિમોથી અને એપાફ્રોદિતસ વિષે ફિલી.૨:૧૯-૩૦ માંથી કહો પ્રભુ ઈસુ પોતાના નમ્ર અને શીખાઉ દોરનારઓ જેઓ વિશ્વાસુ અને ઉપયોગી છે તેમને કેવો આશિર્વાદ આપે છે તે જણાવો.

**સમજાવો :**

- સ્થાનિક દોરનારાઓની જરુર છે તે વિષે તેમજ તેમની ફરજો વિષે ભાગ ૧અને ૨ ઉપરથી
- પ્રેરિતોએ શું કરવાનુ છે તે ભાગ ૨ઉપરથી સમજાવો

**બાળકોએ** જે તૈયાર કર્યુ હોય તે તેમને રજુ કરવા દો

જે દોરનારાઓને વિશ્વાસીઓ ઓળખે છે તેમના સારાં કામ વિષે તેમને **સાક્ષી આપવા દો.**

**પ્રભુની મેજ** માટે ગણના ૯ :૧-૫ વાંચો પ્રભુના લોકો અરણ્યમાં પાસ્ખા ખાધું તે તો પ્રભુના એ કાર્યની યાદગીરીરૂપે હતું તેમના પ્રથમજનિતોનો નાશના દૂતથી બચાવ કરીને તેમને મીસરની ગુલામીમાંથી છોડાવ્યા હતા.

બે કે ત્રણના જૂથમાં લોકો વહેંચાઈ જાય, તેઓ પ્રાર્થના કરે, કામની યોજના કરે અને એકબીજાને ઉતેજન આપે.

માર્ક ૧૦ :૪૨-૪૫ **વાંચો** અને કલમ ૪૫ મુખપાઠ કરો.

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.